# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-07-2026** **MIDDAY: 1.20 TO 1.30**
**Day: SATURDAY** **National News**

આકાશવાણી સમાચાર **જયેશ વેગડા** વાંચે છે.

***************************************************

1. ભારત અને ન્યુઝીલેન્ડ દ્વિપક્ષીય સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી' સુધી લઇ જવા સંકલ્પબધ્ધ.
2. પ્રધાનમંત્રી મોદીએ ન્યુઝીલેન્ડની તેમની મુલાકાતને દ્વિપક્ષીય સંબંધોમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ગણાવી.
3. વિશાખાપટ્ટનમ ખાતે પૂર્વીય કાફલામાં INS મહેન્દ્રગિરીને સામેલ કરતાં સંરક્ષણ મંત્રી રાજનાથસિંહ.
4. વૃક્ષારોપણ સહિતના કાર્યક્રમોમાં ભાગ લેવા કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ગુજરાતના ત્રણ દિવસના પ્રવાસે.
5. ટ્રમ્પ વહીવટીતંત્રે આજે ઈરાન પર વધુ પ્રતિબંધો લાદ્યા.
6. સાઉથમ્પ્ટનમાં આજે ભારત અને ઇંગ્લેન્ડ વચ્ચે છેલ્લી ટી-20 ક્રિકેટ મેચ.

-----------------------------------

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો...

# PM NEW ZEALAND - 1

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને ન્યુઝીલેન્ડના પીએમ ક્રિસ્ટોફર લક્સને દ્વિપક્ષીય સંબંધોને 'વ્યૂહાત્મક ભાગીદારી' સુધી લઇ જવાનો નિર્ણય લીધો છે. સચિવ રુદ્રેન્દ્ર ટંડને ઓકલેન્ડમાં પ્રધાનમંત્રીની ન્યુઝીલેન્ડ મુલાકાત અંગેની પત્રકાર પરિષદને સંબોધતા આ વાત શેર કરી હતી. તેમણે ઉમેર્યું હતું કે, બંને દેશોના પ્રધાનમંત્રીઓએ આગામી ચાર વર્ષોમાં સંયુક્ત કાર્ય કરીને એક માળખા તરીકે 'ભારત-ન્યુઝીલેન્ડ વ્યૂહાત્મક ભાગીદારી: 2030 સુધીનો રોડમેપ' તૈયાર કરવા પર ભાર મૂક્યો છે.

તેમણે ઉમેર્યું હતું કે, આ નિર્ણયનો હેતુ દ્વિપક્ષીય સંબંધોને નવા સ્તરે લઈ જવા, હાલના સહયોગ મિકેનિઝમ્સને મજબૂત બનાવવા અને દ્વિપક્ષીય અને બહુપક્ષીય બંને રીતે સહયોગને ગાઢ બનાવવા માટે નવા માર્ગો શોધવાનો છે.

## (BYTE: TONDON MEA)

આ અગાઉ, પ્રતિનિધિમંડળ-સ્તરની વાટાઘાટો દરમિયાન બોલતા, પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ન્યુઝીલેન્ડની તેમની મુલાકાત દ્વિપક્ષીય સંબંધોમાં એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ છે અને બંને દેશો વચ્ચેના સંબંધોને નવી ગતિ આપશે. પ્રધાનમંત્રી મોદીએ કહ્યું કે, ભારત અને ન્યુઝીલેન્ડ ઇન્ડો-પેસિફિક ક્ષેત્રમાં શાંતિ, સ્થિરતા અને સુરક્ષાને મજબૂત બનાવવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

## (BYTE: PM-MODI-MARITIME TRADE)

દ્વિપક્ષીય ચર્ચાઓ પહેલા ગવર્નમેન્ટ હાઉસ ખાતે પ્રધાનમંત્રીનું ઔપચારિક સ્વાગત કરવામાં આવ્યું હતું, જ્યાં પ્રધાનમંત્રી મોદીને ગાર્ડ ઓફ ઓનર આપવામાં આવ્યું હતું. દિવસના અંતે, પ્રધાનમંત્રી મોદી અને તેમના ન્યુઝીલેન્ડ સમકક્ષે ઓકલેન્ડમાં ભારત-ન્યુઝીલેન્ડ બિઝનેસ એંગેજમેન્ટ 2026 કાર્યક્રમમાં ભાગ લીધો હતો, જ્યાં બંને દેશો વચ્ચે આર્થિક સંબંધોને મજબૂત બનાવવાની તેમની પ્રતિબદ્ધતાને પુનઃપુષ્ટિ કરી હતી.

બંને દેશો વચ્ચે અસ્તિત્વમાં રહેલા મજબૂત લોકો-થી-લોકોના સંબંધોના પ્રતિબિંબમાં, શ્રી મોદી આજે ભારતીય ડાયસ્પોરાના એક વિશાળ સભાને સંબોધિત કરશે.

# RAJNATH SINGH

સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહે કહ્યું કે, ભારત પરંપરાગત સંરક્ષણ ક્ષમતાઓ અને અદ્યતન તકનીકો બંનેને મજબૂત બનાવીને એક સક્ષમ, આત્મનિર્ભર અને ભવિષ્ય માટે સજ્જ સંરક્ષણ દળનું નિર્માણ કરી રહ્યું છે. તેમણે કહ્યું કે ભવિષ્યના યુદ્ધોમાં કૃત્રિમ બુદ્ધિમત્તા અને અન્ય ઉભરતી તકનીકોનો ઉપયોગ થઈ શકે છે, પરંતુ તે આખરે રાષ્ટ્રીય સંકલ્પ, બહાદુર સૈનિકો અને સક્ષમ લશ્કરી શક્તિ દ્વારા જીતાશે.

શ્રી રાજનાથ સિંહ આજે વિશાખાપટ્ટનમ ખાતે પૂર્વીય કાફલામાં છઠ્ઠા પ્રોજેક્ટ 17A સ્વદેશી સ્ટીલ્થ ફ્રિગેટ, INS મહેન્દ્રગિરીના કમિશનિંગ સમારોહને સંબોધિત કરી રહ્યા હતા. તેમણે કહ્યું કે, કમિશનિંગ ભારતની દરિયાઈ શક્તિ અને સ્વદેશી સંરક્ષણ ક્ષમતાને મજબૂત બનાવવામાં વધુ એક સીમાચિહ્નરૂપ છે. તેમણે કહ્યું કે, યુદ્ધ જહાજ હવામાં, સમુદ્રની સપાટી પર અને સમુદ્રની નીચે જોખમોનો સામનો કરવામાં સક્ષમ છે અને હિંદ મહાસાગર ક્ષેત્રમાં ભારતની દરિયાઈ સુરક્ષા અને કાર્યકારી પહોંચને નોંધપાત્ર રીતે મજબૂત બનાવશે.

(BYTE: RAJNATH SINGH)

# BRICS MEETING-NAGPUR

કેન્દ્રીય માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રી નીતિન ગડકરીએ આજે મહારાષ્ટ્રના નાગપુરમાં બ્રિક્સ દેશોના પરિવહન મંત્રીઓની ત્રીજી બેઠકની અધ્યક્ષતા કરી. શ્રી ગડકરીએ પત્રકારોને જણાવ્યું હતું કે બેઠકમાં વૈકલ્પિક બાયોફ્યુઅલ અને પ્રદૂષણમુક્ત ટેકનોલોજી દ્વારા રોડ, રેલ, ઉડ્ડયન અને જળ પરિવહનને કાર્બન-તટસ્થ બનાવવાના પગલાંની ચર્ચા કરવામાં આવી હતી. તેમણે કહ્યું કે પરિવહન ક્ષેત્રને વધુ મજબૂત, ટકાઉ અને વધુ સારી રીતે જોડાયેલ બનાવવા માટે બ્રિક્સ દેશો વચ્ચે નવીનતમ તકનીકો અને નવીનતાઓનું આદાનપ્રદાન કરાયું.

બ્રાઝિલ, ચીન, ઇજિપ્ત, ઇન્ડોનેશિયા, ઈરાન, રશિયા, સાઉદી અરેબિયા, દક્ષિણ આફ્રિકા, ઇથોપિયા અને સંયુક્ત આરબ અમીરાતના પરિવહન મંત્રીઓએ બેઠકમાં પોતાના વિચારો રજૂ કર્યા હતા

ભારતના બ્રિક્સ અધ્યક્ષતા હેઠળ યોજાયેલી આ બે દિવસીય બેઠક આજે નાગપુરમાં શરૂ થઈ હતી. અગાઉની બ્રિક્સ પરિવહન કાર્યકારી જૂથની બેઠકમાં સભ્ય દેશોના પ્રતિનિધિઓએ સામાન્ય પરિવહન કાર્યસૂચિ પર ચર્ચા કરી હતી.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલોં કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# HM AMIT SHAH VISIT

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આજથી ત્રણ દિવસ ગુજરાતના પ્રવાસે આવશે. સત્તાવાર યાદી મુજબ, તેઓ આજે સાંજે અમદાવાદ પહોંચશે. ત્યારબાદ આવતીકાલે તેઓ અમદાવાદમાં સામૂહિક વૃક્ષારોપણ અભિયાનના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત રહી જાહેરસભાને સંબોધશે.

શ્રી શાહ થલતેજ, સરખેજ અને સ્ટેડિયમ વૉર્ડમાં વિવિધ જગ્યાએ વૃક્ષારોપણ કરશે. ત્યારબાદ તેઓ પ્રહલાદનગર વિસ્તારમાં અખિલ ભારતીય વિદ્યાર્થી પરિષદ –ABVPના અમીરગઢના કાર્યકર્તા રમણ પટેલના 75મા જન્મદિવસ સમારોહમાં ઉપસ્થિત રહેશે. ઉપરાંત શ્રી શાહ અમદાવાદમાં અંદાજે 60 કરોડ રૂપિયાથી વધુના ખર્ચે નવનિર્મિત સરકારી આવાસોનું ઇ-લોકાર્પણ કરશે.

તો, સોમવારે 13 તારીખે શ્રી શાહ ગાંધીનગરમાં NFSU પરિસરમાં 11-મી ઇન્ટરપોલ ડિજિટલ ફૉરેન્સિક એક્સપર્ટ ગૃપ – DFEGની બેઠક અને પ્રથમ આંતર-રાષ્ટ્રીય તપાસકર્તા સ્પર્ધા તથા શિખર સંમેલનના ઉદ્ઘાટન સમારોહમાં વિશેષ ઉપસ્થિત રહેશે. ત્યારબાદ બપોરે તેઓ દહેગામમાં ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ –APMC દ્વારા નવનિર્મિત શાકભાજી બજારના લોકાર્પણ અને અમૃત મહોત્સવમાં ઉપસ્થિત રહેશે. છેવટે અમદાવાદના શાહીબાગ અતિથિગૃહ ખાતે શ્રી શાહ વિવિધ બેઠક પણ યોજશે.

# WORLD POPULATION DAY

આજે વિશ્વ વસ્તી દિવસ છે. દર વર્ષે 11 જુલાઈના રોજ વસ્તી વૃદ્ધિ સાથે સંકળાયેલા પડકારો અને તકો પ્રત્યે જાગૃતિ લાવવા માટે વિશ્વ વસ્તી દિવસ ઉજવવામાં આવે છે. તેનો હેતુ વસ્તી સંબંધિત મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરવાનો અને ટકાઉ વિકાસ તરફના પ્રયાસોને પ્રોત્સાહન આપવાનો છે.

સંયુક્ત રાષ્ટ્ર વિકાસ કાર્યક્રમના તત્કાલીન ગવર્નિંગ કાઉન્સિલ દ્વારા 1989માં વિશ્વ વસ્તી દિવસની શરૂઆત કરવામાં આવી હતી. ત્યારબાદ 1990માં, સંયુક્ત રાષ્ટ્ર મહાસભાએ એક ઠરાવ પસાર કર્યો અને આ દિવસ નિયમિતપણે ઉજવવાનો નિર્ણય લીધો.

આ વર્ષે વિશ્વ વસ્તી દિવસની વિષયવસ્તુ "યુવાનોની આશાઓ અને આકાંક્ષાઓને સાકાર કરવી - આજે અને ભવિષ્ય માટે" છે.

# DAY US-IRAN NEW SANCTIONS

ટ્રમ્પ વહીવટીતંત્રે આજે ઈરાન પર પ્રતિબંધોનો એક નવો રાઉન્ડ લાદ્યો છે, જેમાં ઈરાની લક્ષ્યો પર યુએસ હુમલાઓ અને તેહરાનને તેલ વેચવાની મંજૂરીમાંથી મુક્તિ પાછી ખેંચવાનો સમાવેશ થાય છે.

અમેરિકન ટ્રેઝરી ડિપાર્ટમેન્ટે જણાવ્યું કે, પ્રતિબંધો દુબઈમાં રહેતા ઈરાની નાણાકીય સુવિધા આપનાર અલી અંસારી પર લક્ષ્યાંક છે, જે "ઈરાનના શાસક વર્ગને આર્થિક લાભ પહોંચાડતી સંપત્તિના વિશાળ વૈશ્વિક નેટવર્ક"નું નિરીક્ષણ કરે છે.

ટ્રેઝરી ઑફિસ ઑફ ફોરેન એસેટ્સ કંટ્રોલ (OFAC) એ ત્રણ ઈરાન સ્થિત એક્સચેન્જ હાઉસ અને વિદેશી ફ્રન્ટ કંપનીઓને પણ નિશાન બનાવી હતી, જેનું કહેવું છે કે તેઓ પ્રતિબંધિત ઈરાની બેંકો વતી વાર્ષિક અબજો ડોલરનું પરિવહન કરે છે, જેમાં શેલ કંપનીઓના સ્તરોનો ઉપયોગ કરીને સરકારની ગેરકાયદેસર પ્રવૃત્તિને છુપાવવામાં આવે છે.

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા યુએસ-ઈરાન સમજૂતી કરાર સમાપ્ત થઈ ગયો છે તેવી ઘોષણા છતાં તણાવ ઓછો કરવા માટે રાજદ્વારી પ્રયાસો ચાલુ હોવાથી આ પ્રતિબંધો લાગુ કરવામાં આવ્યા છે. જો કે, રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું કે તેહરાન સાથે વાટાઘાટો ચાલતી રહેશે.

# CRICKET

પુરુષ ક્રિકેટમાં ભારત આજે સાઉથમ્પ્ટન ખાતે પાંચ મેચની શ્રેણીની અંતિમ ટી-20 આંતરરાષ્ટ્રીય મેચમાં ઇંગ્લેન્ડ સામે ટકરાશે. આ મેચ ભારતીય સમય મુજબ સાંજે 7 વાગ્યે શરૂ થશે.

શ્રેણીમાં 3-0થી પાછળ હોવાથી ભારતીય ટીમ આ મેચ જીતવાના લક્ષ્ય સાથે મેદાનમાં ઉતરશે. ભારત 3-0થી આ શ્રેણી ગુમાવી ચૂક્યું છે.

# DAY FIFA WORLD CUP - QUARTER-FINALS

ફિફા વિશ્વકપની ક્વાર્ટર ફાઇનલમાં આજે નોર્વેનો મુકાબલો ઇંગ્લેન્ડ સામે થશે. બીજી મેચમાં વર્તમાન ચેમ્પિયન આર્જેન્ટિના અને સ્વિટ્ઝર્લેન્ડ એકબીજા સામે ટકરાશે. આ મેચ આવતીકાલે સવારે સાડા છ વાગ્યે રમાશે. બંને મેચની વિજેતા ટીમો સેમિફાઇનલમાં પ્રવેશ કરશે.

સ્પેન અને ફ્રાન્સ પહેલાથી જ સેમિફાઇનલમાં પોતાનું સ્થાન નિશ્ચિત કરી ચૂક્યા છે. સ્પેને બેલ્જિયમને 2-1થી હરાવ્યું, જ્યારે ફ્રાન્સે મોરોક્કોને 2-0થી હરાવીને સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો.